# F1 ૧.૧.૧ જૈન ધર્મનો પરિચય

<u>તીર્થંકરો</u> જૈન ધર્મ એ જિનેશ્વર તીર્થંકરોએ બતાવેલો ધર્મ છે. તેઓ સંસારની સર્વ આધિ – વ્યાધિ ઉપાધિથી મુક્ત હોય છે. જેઓના અંતરમાં સંપૂર્ણ સત્ય (કેવળજ્ઞાન) જ્ઞાન પ્રગટ થયું છે, તેવા પ્રથમ તીર્થંકરથી ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીએ જગતને સાચો રાહ બતાવ્યો છે, અને પોતે સ્વયં સંપૂર્ણ સત્યના પંથે ચાલ્યા છે.

<u>ધર્મગુરુઓ</u> જૈન ધર્મના સર્વોચ્ચ મુખ્ય પવિત્ર પુરુષ, તીર્થંકરો ગણાય છે. મહાવીર સ્વામીના મુખ્ય ૧૧ શિષ્યો હતા, તે ગણધરો કહેવાય છે. જૈનોના ધર્મગુરુઓ મહાવ્રતોનું, ત્યાગ–તપ–વૈરાગ્યનું ચુસ્ત પાલન કરતા હોય છે, અને જૈન સમાજને ઉત્તમ જીવન જીવવાનો ઉપદેશ આપતા હોય છે.

<u>ધર્મગ્રંથો</u> જૈનોના ધર્મગ્રંથો 'આગમ ગ્રંથો'ના નામથી ઓળખાય છે. તેની કુલ સંખ્યા ૪૫ છે. જગતના સર્વ પદાર્થોની સર્વાંગી વિચારણા, જીવનના સર્વાંગી વિકાસની ગુરુચાવીઓ, ભૂગોળ, જ્યોતિષ, જીવવિજ્ઞાન, દર્શનશાસ્ત્ર, કર્મ, ધર્મ, અધ્યાત્મ અને માનવની પરિપૂર્ણ અવસ્થાના જ્ઞાનમાર્ગો અહિં જોવા મળે છે.

<u>સિદ્ધાંતો</u> આ જૈન ધર્મ વિશેષે કરીને અહિંસા – અપરિગ્રહ અને સ્યાદ્વાદ(અનેકાંત) ના સિદ્ધાંતોને મહત્વ આપે છે.

<u>ચતુર્વિધ સંઘ</u> જૈન સંઘના મુખ્ય ચાર વિભાગ છે. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. પહેલાબે સંસારમાંથી પ્રવ્રજિત થયેલા છે, જ્યારે બીજા બે ગૃહસ્થાવાસમાં રહીને જૈન નીતિ–નિયમોનું પાલન કરે છે.

<u>તીર્થ સ્થળો</u> જૈન ધર્મના પવિત્ર સ્થળોને, તીર્થો, જિનાલયો, ઉપાશ્રયો વગેરે ગણાવાયા છે. તીર્થો પવિત્ર પહાડો ઉપર, કે ઉત્તમ ભૂમિ પર રહેલા છે. જિનમંદિરો એ જિનેશ્વર–તીર્થંકરોના દર્શન–વંદન–પૂજા–નમસ્કાર માટેનાં સ્થાનો છે. ઉપાશ્રયો એ ધર્મગુરુ અને સાધ્વીજી–શ્રમણીઓને રહેવાનાં સ્થાનો છે. તથા જૈનો ધર્મ–આરાધના કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

<u>ધાર્મિક આચારો</u> જૈન ધર્મના આચાર–વિચાર અને આહારના સિદ્ધાંતોનું વૈજ્ઞાનિકો પણ હવે ખૂબ જ સમર્થન કરે છે. જૈન સાધુઓ માટે પાંચ મહાવ્રત, ષડાવશ્યક કર્મ, દશવિધ યતિધર્મ અને ઉપાસકો માટે અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત, વગેરે આચાર વિષયક નીતિ–નિયમોનું વિધાન કરવામાં આવ્યું છે. અભક્ષ્ય અનંતકાય (કાંદા,બટાકા વગેરે)નો ત્યાગ, રાત્રિ ભોજન, વાસી ભોજન, મધ–મદીરા વગેરેનો ત્યાગ. તેના નાના–નાના નિયમો પણ દેહને–મનને– જીવનને લાભ કરાવે છે. જૈન ધર્મ એ ભોગપ્રધાન ધર્મ નથી, પણ યોગપ્રધાન અને ત્યાગપ્રધાન ધર્મ છે. જીવનમુક્તિ અને કર્મમુક્તિ માટે સચોટ, છતાં સરળ સાધના પદ્ધતિ બતાવે છે.

<u>તહેવારો</u> અન્ય ધર્મોના તહેવારોની જેમ જૈન ધર્મના પર્વો (તહેવારો) પણ અલગ જ કક્ષાની લાક્ષણિકતા ધરાવે છે. પર્યુષણા, ઓળી, જ્ઞાન પાંચમ, મૌનએકાદશી વગેરે.

<u>સંપ્રદાયો</u> જૈન ધર્મના મુખ્યત્વે બે સંપ્રદાયો છે. ૧) શ્વેતાંબર, ૨) દિગંબર. અને તેઓના પેટા સંપ્રદાયો સ્થાનકવાસી, તેરાપંથી, વગેરે છે.

<u>વારસો</u> જૈન ધર્મનો પોતાનો આગવો અતિ પ્રાચીન , ધર્મગુરૂઓ દ્વારા પ્રબોધિત ઉત્તમ જ્ઞાનવારસો અને અધ્યાત્મ વારસો છે. આગમ સાહિત્ય તથા શિલ્પ–સ્થાપત્ય–ચિત્ર આદિ કલારૂપ ગૌરવભર્યો સંસ્કૃતિવારસો પણ છે.

આ જૈન ધર્મ, પ્રભુ મહાવીરથી કે તીર્થંકર ઋષભદેવથી ચાલુ નથી થયો. પણ સૃષ્ટિના આદિકાળથી મતલબ અનંતકાળથી ચાલ્યો આવે છે.

# F1 ૧.૧.૨ જૈન ધર્મની પ્રાચીનતા અને ઉપયોગિતા

વિશ્વમાં હિંદુ, બૌદ્ધ, ક્રિશ્ચયન, ઈસ્લામ વગેરે બારથી તેર ધર્મોનું અસ્તિત્વ પ્રગટપણે છે. તેમાં જૈન ધર્મનું વ્યક્તિત્વ અનોખું અને આગવું છે. નીચેના મુદ્દાઓને આધારે જૈન ધર્મની પ્રાચીનતાનો ખ્યાલ આવી શકે છે.

**પુરાવા – ૧**

૧. ભારતની સૌથી વધુ પ્રાચીન સંસ્કૃતિના અવશેષો જ્યાં થી ઉપલબ્ધ થયા છે તે મોહન્જો દરો અને હડપ્પામાંથી મળેલી મુદ્રાઓના સંદર્ભમાં શ્રી ચંદ્રાએ ૧૯૩૨ ઓગષ્ટના મોર્ડન રીવ્યૂમાં લખ્યું છે કે "આ મુદ્રામાં ઉભેલા દેવતાઓ કાયોત્સર્ગ નામના આસનમાં ઊભેલા છે અને તે જૈન યોગીઓનું વિશિષ્ટ આસન છે." અને તે નમુનો મથુરાના સંગ્રહાલયમાં ઋષભદેવની વિખ્યાત પ્રતિમામાં જોવા મળે છે. તથા એક નગ્ન દેવની આકૃતિ અને સ્વસ્તિકનાં ચિહ્નો, પણ મળ્યાં છે, જે જૈન ધર્મના સાતમા તીર્થંકરનું લાંછન (ચિહ્ન) છે.

   શ્રીમતી ગુસેવા માને છે કે પ્રાચીન ભારતીય સાહિત્યમાં આત્મવિદ્યાનો વિચાર ગંગાના પૂર્વોત્તર પ્રદેશોમાં ફેલાયેલો હતો અને જૈન ધર્મ ત્યાં જ વિકસ્યો હતો. વેદોમાં આત્મવિદ્યાના કોઈ ઉલ્લેખ નથી પણ પાછળથી અસ્તિત્વમાં આવેલા ઉપનિષદોએ બ્રહ્મવિદ્યાનું પ્રતિપ્રાદન કર્યું છે તે યાદ રાખવું ઘટે.

૨. હિંદુ ધર્મના પ્રાચીન હસ્તલિખિત ગ્રંથો ઋગ્વેદ, યજુર્વેદ, મનુસ્મૃતિ, યોગવાશિષ્ટ વગેરેમાં ઋષભદેવ વગેરે તીર્થંકરોનું સ્મરણ, વંદન, સ્તુતિ, પૂજા, દીક્ષા, કેવલજ્ઞાન, મુક્તિ વગેરેનું વર્ણન કર્યાના ઉલ્લેખો મળે છે.

૩. પરદેશી વિદ્વાન ડૉ. હર્મન યાકોબી, ડૉ. ફ્યુરર, પ્રો. એલ.ડી. બાર્નેટ, એ.એ. મેકડોનાલ્ડ, મેજર જે. જી. આર ફર્લોગ, વગેરેના અનેક રસપ્રદ સંશોધનો કહે છે કે જૈન ધર્મની પ્રાચીનતા બ્રાહ્મણ ધર્મના ઉદ્ભવ કાળ કરતાં પણ વધુ પાછળ જાય છે અને અત્યંત સુવ્યવસ્થિત, દાર્શનિક, નીતિમય, અને પ્રખર સાધુત્વનાં લક્ષણો ધરાવતો જણાય છે.

૪. પ્રસિદ્ધ ભારતીય વિદ્વાનો, પુરાતત્વ વિદો. ડૉ. એસ.રાધાકૃષ્ણન વગેરે જૈન ધર્મની પ્રાચીનતાના ઉલ્લેખો, આલેખો, સંસ્કૃતિ, સ્થાપત્ય, લિપિ વગેરે સાધનોથી સિદ્ધ કરે છે કે ઋષભદેવે ઉપદેશેલો અહિંસાનો સિદ્ધાંત, ઘણું ખરું આર્યોનાં ભારતમાં આગમન પૂર્વેનો હતો અને તે સમયમાં તે જ પ્રચલિત હતો. ડૉ. વિદ્યાભૂષણનો અભિપ્રાય એવો છે કે "જૈન ધર્મનાં મૂળ સૃષ્ટિના પ્રારંભ સુધી જાય છે અને જૈન તત્ત્વજ્ઞાન એ વેદાંત અને બીજા દર્શનો કરતાં વધુ પ્રાચીન છે એવું વિધાન કરતાં હું ખચકાતો નથી."

   મદ્રાસ કોર્ટના ન્યાયધીશ અને બોમ્બે હાઈકોર્ટના જસ્ટીસ રાંગણેકરે પણ ઉપરોક્ત વિધાનોની પુષ્ટિઆપે એવા વિવિધ મત વ્યક્ત કર્યા છે.

## ઉપયોગિતા

### પવિત્રતાનો માર્ગ

આવા આગવા અને વિશિષ્ટ જૈન ધર્મની ઉપયોગિતા જીવન અને વિશ્વના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે. ઉત્તમ જીવનમાર્ગ કે ઉત્તમ જીવન પ્રણાલી માટે જૈન ધર્મ પ્રત્યેક પ્રાણી સમૂહને જીવન જીવવાનો અબાધિત અધિકાર આપે છે. તે સૂક્ષ્મ જીવ–જંતુની હિંસા કરવાની પણ ના પાડે છે. મનુષ્યને પૂર્ણતા પ્રાપ્ત કરવા કે વિચાર–વાણી અને વર્તનને વિશુદ્ધ કરવા જૈન ધર્મની વિચારધારા અને આચારસંહિતા સંપૂર્ણ મદદરૂપ બને છે.

### દિવ્યતાનો માર્ગ

જીવનમૂળમાં જ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્યપાલન, અને અપરિગ્રહનો સચોટ અને સૂક્ષ્મ ઉપદેશ આપી જાય છે. તેમાં વ્યક્તિ, પરિવાર, દેશ અને વિશ્વ વ્યાપી પ્રેમનો આશય રહેલો છે. તેવી જ રીતે ધર્મ ગ્રંથોનો અભ્યાસ, દયા, કરુણા, ક્ષમા, અનાસક્તિ વગેરેના નિયમો સામાન્ય જનને ઉપદેશી, નિર્મળતા અને ઉદારતા પ્રગટાવવાનું કામ કરે છે. જેથી તે સદ્ગુણો દ્વારા માત્ર માનવતા જ નહિં પણ આગળ ઉપર મહાનતા, સાધુતા, દિવ્યતા અને પૂર્ણતા પ્રાપ્ત કરવાનો ધર્મભાવ રહેલો છે.

## શાશ્વતતાનો માર્ગ

આ ધર્મના નીતિ–નિયમો બહારથી કે ભોગ દૃષ્ટિવાળાને કઠોર કે કડક દેખાતા હોય છે તો પણ જૈનોની ગુરુસંસ્થા કે જૈનો ચુસ્તપણે  સ્વેચ્છાએ કર્મમુક્ત કે મોહમુક્ત થવા તેનું પાલન કરતા હોય છે, જેથી વિચાર વિશૃદ્ધિ અને આચાર સંશુદ્ધિથી ધર્મના મૂળ સર્વત્ર જીવનમાં ઊંડા ઉતરેલાં જણાય છે. તેથી આ જૈન ધર્મનું સ્પષ્ટ ધ્યેય, સ્પષ્ટ દર્શન અને સ્પષ્ટ આચાર માર્ગ એ અનંતતા કે શાશ્વતા સાથે જોડાયેલો છે. એ જ જીવનના કે વિશ્વના સર્વાંગી વિકાસ માટે ઉપયોગી છે.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

# F1 ૧.૧.૩ ચોવીસ તીર્થંકરોનો પરિચય અને સંખ્યા ચોવીસ જ કેમ ?

તીર્થંકર એટલે ? રાગ–દ્વેષના વિજેતા બની જૈન શાસનની સ્થાપના કરે તે તીર્થંકર કહેવાય અને જગતના જીવોને, અજ્ઞાન, દુ:ખ અને મોહથી મુક્ત કરવા સાચો રાહ બતાવે.

**તીર્થંકરો શું કરે છે?**

જૈન ધર્મના સ્થાપક ૨૪ તીર્થંકરો ગણાય છે. તે જૈનોનું ઈશ્વરીય તત્વ છે, તેઓએ સાધના દ્વારા અંતિમ કક્ષાની સર્વ સિદ્ધિઓ કેવળજ્ઞાન સહિત પ્રાપ્ત કરી છે. તેઓના સિદ્ધાંતો પારમાર્થિક છે. તેઓનો માર્ગ, સર્વ જીવોને અભય અને અહિંસા આપવાનો, મૈત્રી અને પ્રેમ વહેંચવાનો છે. જીવન દ્રષ્ટિ વિશાળ અને આગ્રહ મુક્ત છે. તો જીવન પ્રણાલી સંગ્રહ મુક્ત અને કર્મ મુક્ત થવા માટેની છે. આવા ઉદાર – સર્વ વ્યાપક પવિત્ર ચોવીશ જિનેશ્વરોનો ટુંકમાં પરિચય આપેલ છે.

jainuniversity.org

**તીર્થંકરો ચોવીશ જ કેમ ?**

તેનું સમાધાન આ સોમદેવસૂરિ મ.સા. 'યશસ્તિલક મૂલિકા' ગ્રંથની ૮૭મી ગાથામાં જણાવે છે કે ગ્રહ–નક્ષત્ર–તારા અનેક હોવા છતાં પ્રાકૃતિક નિયમાનુસાર તેની સંખ્યા નિયત જ ગણાવી છે. તેમ આ ઉત્સર્પિણી વિ. કાળમાં ૨૪ જ વાર આકાશમંડળમાં સર્વશ્રેષ્ઠ ગ્રહો–નક્ષત્રોની સ્થિતિ સર્વોત્તમ બને છે. અને તે પણ નિયત જ બને છે. તેથી તીર્થંકરો ૨૪ જ હોય છે. વધારે કે ઓછા નહિં.

## તીર્થંકર પરિચય

| (ક્રમ) | તીર્થંકરો | નામ પરિચય |
|---|---|---|
| (૧) | શ્રી ઋષભદેવ પ્રભુ : | સાથળમાં વૃષભનું ચિહ્ન હતું. ચૌદ સ્વપ્નમાં માતા મરૂદેવાએ પ્રથમ સ્વપ્ને વૃષભને જોયો. તથા ૧૮ કોડાકોડિ સાગરોપમ પછી કે પહેલા ધર્મની શરૂઆત કરી તેથી આદિનાથ પણ કહેવાય છે. |
| (૨) | શ્રી અજિતનાથ પ્રભુ: | માતા વિજયારાણી, પિતા જિતશત્રુની સાથે સોગઠા બાજીમાં રમતા રાણી રાજાને જીતવા જ લાગી, હાર્યા નહિં. તેમ રાગાદિ શત્રુઓને પણ પ્રભુએ જીતી લીધા. |
| (૩) | શ્રી સંભવનાથ પ્રભુ : | પ્રભુનો જન્મ થવાથી સર્વત્ર ધન–ધાન્ય પેદા થવા લાગ્યું–અછત–દુષ્કાળ નષ્ટ થયો અને સારાં લક્ષણોનો સંભવ છે. માટે 'સંભવ'નામ પડ્યું. |
| (૪) | અભિનંદન પ્રભુ : | પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારથી ઈન્દ્રદેવ વારંવાર આવીને સ્તુતિ કરવા લાગ્યા અને કુળ નગરી રાજ્ય–સર્વ લોકો હર્ષ પામ્યા, અભિનંદન આપવા લાગ્યા. |
| (૫) | શ્રી સુમતિનાથ પ્રભુ : | માતાને એકવાર વિષમ ઘટનાનો ચુકાદો આપવામાં બુદ્ધિ સારી ઉપજી, ઝઘડો શાંત થયો. |
| (૬) | શ્રી પદ્મપ્રભ સ્વામી પ્રભુ: | માતાને કમલ પત્રમાં સુવાની ઈચ્છા થઈ, અને પ્રભુ કમળની જેમ નિર્લેપ–નિર્મોહ બન્યા તેથી કમળની જેવા કાંતિવાળા નામ પડ્યું. |
| (૭) | શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ: | માતાનાં બંને પડખા રોગથી વ્યાપ્ત હતાં પણ ઉદરમાં પધારતાં જ નિરોગી બન્યા, સુવર્ણમય દેખાયા. |
| (૮) | શ્રી ચંદ્રપ્રભ સ્વામી : | માતાને ચંદ્રના કિરણોનું રસપાન કરવાની ઈચ્છા થઈ અને શીતલતાનો અનુભવ થયો. |
| (૯) | શ્રી સુવિધિનાથ પ્રભુ : | ગર્ભમાં શુભ ક્રિયાઓ કરવાના ભાવ થયા અને પ્રભુજી શુભ ક્રિયા કરનારા થયા. |
| (૧૦) | શ્રી શીતલનાથ પ્રભુ : | પિતાજીનો દાહજવર, માતાના હસ્ત સ્પર્શથી શાંત થઈ ગયો અને જગતના ત્રિવિધ તાપને પણ શાંત કર્યા. |

સર્વ જ્ઞાનાય ભવતુ

| | | |
|---|---|---|
| (૧૧) | શ્રી શ્રેયાંસનાથ પ્રભુ : | કોઈક દેવસ્થાપિત શય્યાની પૂજા થતી પણ કોઈ ઉપભોગ ન કરી શકે, માતાએ ઉપભોગ કરી તો પણ ગર્ભ પ્રભાવે કંઈન થયું ઉપરથી જગતનું કલ્યાણ થયું. |
| (૧૨) | શ્રી વાસુપૂજ્ય પ્રભુ : | ઈન્દ્રે આવી વારંવાર રત્ન (ધન) ની વર્ષા કરી, અને પિતા વસુદેવ ઉપરથી વાસુપૂજ્ય નામ પાડ્યું. |
| (૧૩) | શ્રી વિમલનાથ પ્રભુ : | માતાના તન-મન ગર્ભથી નિર્મળ થયા અને પ્રભુએ વિમલ બુદ્ધિથી કર્મ મળનો નાશ કર્યો. |
| (૧૪) | શ્રી અનંતનાથ પ્રભુ : | માતાએ અનંત મણિ રત્નોની સ્વપ્નમાં માળા જોઈ અને અનંતગાંઠના દોરા કરી બાંધ્યા, લોકોના તાવ વગેરે દૂર થયું. પ્રભુએ રત્નત્રયીની અનંત આરાધના કરી. |
| (૧૫) | શ્રી ધર્મનાથ પ્રભુ : | માતા વધારે ધર્મ ઉપર પ્રીતિ-પ્રેમવાળા થયા પ્રભુને ધર્મનો સહજ સ્વભાવ હતો. |
| (૧૬) | શ્રી શાંતિનાથ પ્રભુ : | દેશમાં રહેલા સર્વ રોગો-ઉપદ્રવો ગર્ભસમયે દૂર થયાં, સર્વત્ર શાંતિ ફેલાઈ. |
| (૧૭) | શ્રી કુંથુનાથ પ્રભુ : | સ્વપ્નમાં રત્નનો મોટો સ્તૂપ (થાંભલો) જોયો, શત્રુઓ કુંથુ જેવા નાના થઈ ગયા અને નાના નાના સૂક્ષ્મ જીવોની જયણા દેશમાં પ્રવર્તી. |
| (૧૮) | શ્રી અરનાથ પ્રભુ : | સ્વપ્નમાં રત્નમય ચક્ર (આરો) તથા સ્તૂપ જોયા, અને વંશની વિશેષ વૃદ્ધિ થઈ. |
| (૧૯) | શ્રી મલ્લિનાથ પ્રભુ : | માતાએ છએ ઋતુના ફૂલોની શય્યામાં સુવાનો દોહદ, દેવોએ પૂર્ણ કર્યો, તથા પ્રભુએ મોહાદિ મલ્લો જીત્યા હોવાથી. |
| (૨૦) | શ્રી મુનિસુવ્રત સ્વામી : | માતાને ઉત્તમ વ્રતો પાલન કરવાની ઈચ્છા થઈ, અને બારે વ્રતોનું પાલન કરવા લાગ્યા. |
| (૨૧) | શ્રી નમિનાથ પ્રભુ : | માતાને કિલ્લા ઉપર ફરતા જોઈને શત્રુઓ માતાનું તેજ સહન કરી શક્યા નહિ, નમી ગયા અને પ્રભુએ પણ રાગ-દ્વેષને નમાવી દીધા. |
| (૨૨) | શ્રી નેમિનાથ પ્રભુ(અરિષ્ટ): | માતાએ સ્વપ્નમાં અરિષ્ટ(કાળારત્નવાળા)ઉછળતા અને ગોળ ઘુમતા ચક્રને જોયું, અને પ્રભુ કર્મનો નાશ કરવામાં ધર્મ ચક્રની ધારા સમાન હોવાથી. |
| (૨૩) | શ્રી પાર્શ્વનાથ પ્રભુ : | રાજાની શય્યા પાસેથી માતાએ સર્પને ડસ્યા વિના જતો જોયો, |
| (૨૪) | શ્રી વર્ધમાન(મહાવીર) સ્વામી: | રાજ્ય ભંડારમાં ધન-ધાન્ય ઋદ્ધિ-સિદ્ધિ વધવા જ લાગી. યશ-કીર્તિથી માતા-પિતા પણ વૃદ્ધિ પામ્યા, અને પ્રભુજી નિર્ભય અડગ અને પરાક્રમી થયા. |

# F1 ૧.૧.૪ મહાવીરસ્વામીની સાધના, પ્રભાવ અને પૂર્વભવો

પ્રભુ મહાવીરે ઇ. પૂર્વે ૬૨૯ વર્ષે સંસારનો ત્યાગ કર્યો હતો, આત્મજ્ઞાન મેળવવા સંયમ પંથે ચાલી નીકળ્યા હતાં. પ્રભુજી જાણતા હતા કે ગમે તેવા મજબૂત રેશમના દોરડાં કે લોઢાની સાંકળોના બંધન કરતાં પણ બીજું કંઇક વધુ મજબૂત બંધન છે. દેહ-ઇન્દ્રિય અને મનના બંધનો જેવું જગતમાં બીજુ કોઇ બંધન નથી. તે બંધનો તોડવા કાયાની માયા છોડી દીધી, ઇંદ્રિયોને અંતર જ્ઞાનમાં વાળી લીધી, મન માંકડાને ધર્મ ધ્યાનમાં જોડી દીધું, કર્મોને તોડવા પ્રભુ સામે ચાલીને અનાર્ય (અધર્મ) ભૂમિમાં ગયા, અજ્ઞાનીઓના આક્રોશ-ગાળો-પ્રહારો હસતે મોંએ સહન કર્યા, ઉપસર્ગોની ફોજ સામે દ્દઢપણે ઊભા રહ્યા અને બાવીશેય પરિષહોને સહન કરવામાં ક્યારેય પણ ઇન્કાર કરતાં ન હતાં.

jainuniversity.org

સાધના એટલે સહનશીલતા ?

પ્રભુ વીરને જગતના લોકોને સાચા અર્થમાં દુ:ખ મુક્ત અને પાપમુક્ત કરવા હતાં, તે પહેલા શક્તિ યુક્ત થવું જરૂ રી હતું તે માટે સળંગ સાડાબાર વર્ષ સુધી અનેક ભીષ્મ પ્રતિજ્ઞાઓનું પાલન કર્યું. અરે ! સંયમ કાળમાં કુલ ૪૧૬૬ નિર્જળા (પાણી પીધા વિનાના) ચોવિહાર ઉપવાસો કર્યા. તેમાં ક્યારેક સળંગ છ-છ મહિના ના તો ક્યારેક પાંચ માસને પચ્ચીસ (૫-૨૫) દિવસના, બે માસ, દોઢ માસ, એક માસ, પંદર દિવસ, અઠ્ઠમ - છઠ્ઠ વગેરે ઉપવાસો કર્યા છે. તેમાં પણ બે દિવસ સળંગ તો ભોજન લીધું નથી પણ એક દિવસ માંય બે ટંક વાપર્યું નથી, તે દરમ્યાન ઉપસર્ગ કરનાર ગોશાલો આવ્યો હોય કે ગોવાળ આવ્યો હોય, સંગમ દેવ હોય કે કટપૂતના વ્યંતરી (દેવી) હોય, ચંડકૌશિક સર્પ ડસે કે લોકો પગમાં ખીર રાંધે, તમામે તમામનાં દુ:ખો -ત્રાસો- વેદનાઓ મારા પ્રભુએ અડગ પણે સહજતાથી સહન જ કરી છે. તેઓએ ક્યારેય જીવને દોષિત ગણ્યા નથી, કે કશો પ્રતિકાર કર્યો નથી. છતાં વધારે વિશુદ્ધ બની બહાર આવ્યા છે.

સાધનાની સિદ્ધિ

પ્રશ્ન એ થાય કે એક દેહધારી આત્મા આટલું બધું સહન કંઇ રીતે કરી શકે ? તેના બે જવાબો જડે છે. એક તો પ્રભુની જ્ઞાનદશા અતિ ઉચ્ચકક્ષાની હતી, ધ્યાનની ઊંડી ધારામાં ડૂબેલા રહેતા હતા, ચેતના અતિશય પ્રબળ હતી. અને કાયાના સ્તરે પ્રભુ જીવતાં જ ન હતા. બીજું તેઓએ જાત પ્રત્યે કઠોર અને જગતના જીવો પ્રત્યે કોમળતાભર્યો અભિગમ શ્વાસની જેમ અપનાવ્યો હતો. જેથી સહન કરવામાં સજાગ પ્રયત્ન કરવો પડ્યો જ નથી.

પ્રભુ મહાવીરની સાધના એટલે.....?

-:- જગતની સુધારણા કરતાં પહેલા જાતની સુધારણા,
-:- દેહનો રાગ તોડવા કઠીનતમ તપશ્ચર્યાઓનું પાલન,
-:- ચિત્ત શુદ્ધિ માટે ધ્યાનમગ્ન અવસ્થા,
-:- ચિત્ત શાંતિ માટે એકાંત-મૌનનું વધુ પાલન,
-:- સતત જાગરુક બનવા અતિઅલ્પ નિદ્રા, (૧૨॥ વર્ષમાં કુલ ૪૮ મિનિટની નિદ્રા )
-:- અનુકૂળ પ્રત્યે-ગમો-રુચિ-પ્રીતિ નહિં તો પ્રતિકુળ પ્રત્યે રોષ, રીસ કે અપ્રીતિ નહિં.
-:- સુખ-દુ:ખ, ગમા-અણગમા વગેરે સર્વ દ્વંદ્વ ભાવોનો ત્યાગ,
-:- અહંભાવનો સર્વનાશ અને આત્મગુણોનું મધુરતમ રસપાન,

પ્રભુએ સાધનાથી શું પ્રાપ્ત કર્યું ?

આ સાધના દરમ્યાન પ્રભુએ સાધનાથી ધૈર્ય, અભય, પ્રેમ – કરૂ ણા – અહિંસા – ક્ષમા – અમોહ અને સમતા આદિગુણોને આત્મવત સિદ્ધ કર્યા, સહજ અનંત ગુણો પ્રગટ થયા અને કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું.

સાધનાસિદ્ધિના પ્રભાવે .....

આ સાધના સિદ્ધિના પ્રભાવે ૪૨ાા વર્ષે તીર્થંકર બન્યા અને જિન, અરિહંત – વીતરાગ કે તીર્થંકર કહેવાયા. માનવ સમૂહો ચરણે ઝુક્યા, રાજાઓ આનંદિત થયા દેવો – ઇન્દ્રો સ્તુતિ – સ્તવના કરવા લાગ્યા, નરનાથો – માનવો, સેવા કરવા લાગ્યા, ૩૪ અતિશયો પ્રગટ થયાં, વાણી પાંત્રીશ ગુણ યુક્ત સર્વશ્રેષ્ઠ બની, હિંસક પશુ- પંખીઓ શાંત બની ગયાં, સર્વના પાપ-સંતાપ શમવા લાગ્યા, જન સમૂહને પ્રેમ – આનંદ મળવા લાગ્યા, અજ્ઞાનીઓને સાચુ જ્ઞાન મળ્યું, હિંસક – ક્રુદ્ધ, પાપી જીવો, અહિંસક અને સાચા માનવ બન્યા. સારા અને સાચા માનવીઓ સમકિત પામ્યા, જ્ઞાની પંડિતો વગેરેએ સંયમ ગ્રહણ કર્યું. પુરુષાર્થથી જ્ઞાન – સાધનાને સિદ્ધ કરી તેઓએ અનંત સિદ્ધિ પ્રાપ્ત કરી અને મોક્ષે પધાર્યા, વર્તમાન સમયે પણ જૈનોની જાહોજલાલી, સંપન્નતા જે પ્રગટેલી છે. તે એમના પુણ્યકર્મનો પ્રભાવ છે.

વિશ્વમાં અહિંસા ધર્મનું સર્વથા નોંધપાત્ર પ્રદાન કર્યું છે. અને આગવી ગરિમા સાથે સંપૂર્ણ જૈન ધર્મ અડીખમ ઊભો રહ્યો છે, તે સઘળા યશનું કારણ કે મૂળ સ્રોત તરીકે પ્રભુ મહાવીરના અનુપમ પ્રભાવનું રહેલું છે.

## પ્રભુ મહાવીરના ૨૭ ભવો

| | ભવ | આયુષ્ય | વિશેષ માહિતિ |
|---|---|---|---|
| ૧) | નયસાર | ——— | ભવનું પ્રથમ સમ્યક્ત્વ પશ્ચિમ મહાવિદેહમાં પામ્યા. |
| ૨) | સૌધર્મ દેવલોકમાં દેવ | ૧ પલ્યોપમ | દેવસુખ ભોગવ્યું. |
| ૩) | મરીચિ | ૮૪ લાખ પૂર્વ | પ્રભુ ઋષભદેવનો પૌત્ર, ત્રિંદડી સાધુ, અનંત સંસાર વૃદ્ધિ, ઉત્સૂત્ર ભાષણ, કુળનો મદ, નીચ ગોત્ર બંધ, |
| ૪) | બ્રહ્મદેવલોકમાં દેવ | ૧૦ સાગરોપમ | દેવસુખ |
| ૫) | કૌશિક બ્રાહ્મણ | ૮૦ લાખ પૂર્વ | કોલ્લાક ગામે, ત્રિદંડી વેશ, મરીને ઘણા ભવો નાના-નાના કર્યા, સંસાર પરિભ્રમણ. |
| ૬) | પુષ્પમિત્ર બ્રાહ્મણ | ૭૨ લાખ પૂર્વ | સ્થૂણા નગરીમાં ત્રિદંડી થયા. |
| ૭) | સૌધર્મ દેવલોકમાં દેવ | મધ્યમ સ્થિતિ | દેવસુખ |
| ૮) | અગ્નિદ્યોત બ્રાહ્મણ | ૬૦ લાખ પૂર્વ | ચૈત્ય ગ્રામે ત્રિદંડી સાધુ |
| ૯) | ઇશાન દેવલોકમાં દેવ | મધ્યમ સ્થિતિ | દેવસુખ |
| ૧૦) | અગ્નિભૂતિ | ૫૬ લાખ પૂર્વ | મંદિર ગ્રામે ત્રિદંડી સાધુ |
| ૧૧) | સનત કુમાર દેવલોકમાં દેવ | મધ્યમ સ્થિતિ | દેવસુખ |
| ૧૨) | ભારદ્વાજ | ૪૪ લાખ પૂર્વ | શ્વેતાંબીનગરે ત્રિદંડી સાધુ |
| ૧૩) | માહેન્દ્ર દેવલોકમાં દેવ | મધ્યમ સ્થિતિ | દેવસુખ, ચ્યવીને નાના નાના અનેક ભવો |
| ૧૪) | સ્થાવર બ્રાહ્મણ | ૩૪ લાખ પૂર્વ | રાજગૃહીમાં ત્રિદંડી |
| ૧૫) | બ્રાહ્મણ દેવલોકમાં દેવ | મધ્યમ સ્થિતિ | દેવસુખ |
| ૧૬) | વિશ્વભૂતિ – રાજકુમાર | ૧ કરોડ વર્ષ | મુનિવર થયા, ગાય ઉછાળી, નિયાણું અંતે અનશન. |
| ૧૭) | મહાશુક દેવલોકમાં દેવ | ઉત્કૃષ્ટ આયુષ્ય | ઊંચા દેવસુખ સ્થિતિ |
| ૧૮) | ત્રિપૃષ્ઠ વાસુદેવ | ૮૪ લાખ વર્ષ | કાનમાં સીસું રેડાવી, નિકાચિત કર્મ બાંધ્યું, પોતન પુરમાં, |

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

| | | | |
|---|---|---|---|
| ૧૯) | તમઃ તમઃ સાતમી નરકે, | ૩૩ સાગરો પમ | ૭મી માધવતી નરકમાં દુઃખ ભોગવ્યું. |
| ૨૦) | સિંહ | ——– | તિર્યંચગતિ પછી અનેકાનેક ભવો ભમ્યા. |
| ૨૧) | પંકપ્રભા ચોથી નરકે | ——– | અંજના નરકાવાસ પછી તિર્યંચના ઘણા ભવ. |
| ૨૨) | વિમલ રાજકુમાર | ——– | દયા પ્રેમી, દીક્ષા લઇ, ઉગ્ર તપ,અનશન કર્યું. |
| ૨૩) | પ્રિય મિત્ર ચક્રવર્તી | ૮૪ લાખ પૂર્વ | પોટ્ટિલાચાર્ય પાસે દીક્ષા ગ્રહણકરી, ક્રોડવર્ષ ઉત્કૃષ્ટ તપ કર્યું. |
| ૨૪) | મહાશુક્ર દેવલોકમાં દેવ | ૧૭ સાગરોપમ | દેવસુખ |
| ૨૫) | નંદન રાજર્ષિ | ૨૫ લાખ વર્ષ | ૧૧,૮૦, ૬૪૫ માસ ક્ષમણથી ૨૦ સ્થાનક તપની આરાધના અને તીર્થંકર નામ કર્મબંધ |
| ૨૬) | પ્રાણત દેવલોકમાં દેવ | ૨૦ સાગરોપમ | પુષ્પોત્તરા વતંસક વિમાને દેવસુખ |
| ૨૭) | વર્ધમાન કુમાર | ૭૨ વર્ષ | ક્ષત્રિયકુંડ ( બિહાર) માં જન્મ, સિદ્ધાર્થ પિતા ત્રિશલા દેવી માતા, ૨૪ મા તીર્થંકર, ૧૨ાા વર્ષની ઘોર સાધના, ૪૨ાા વર્ષે કેવળજ્ઞાન, પાવાપુરીમાં નિર્વાણ મોક્ષ |

સાર : ૧૪ ભવ મનુષ્યના, ૧૦ ભવ દેવના, ૧ ભવ તિર્યંચનો, ૨ ભવ નરકના, ૧૮ મા ભવે વાસુદેવ, ૨૩મા ભવે ચક્રવર્તી, ૨૭ મા ભવે તીર્થંકર પ્રભુ મહાવીર થયા.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु